વરસાદી ઝાપટાને કારણે ઠેર ઠેર પાણીનો ભરાવો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં રવિવારે મોડી રાત્રિએ વરસેલા વરસાદના કારણે અનેક સેક્ટરોમાં ખુલ્લા પ્લોટ્સ, કોમન પ્લોટ્સ તથા રસ્તાઓ પર પાણી ભરાઈ જવા પામ્યાં હતા. અડધી રાત્રે જામેલી વાવાઝોડા સાથેની વરસાદી રમઝટમાં શહેરમાં ઠેરઠેર ખાબોચિયા તથા નાના નાના તળાવો

જેવી પરિસ્થિતિ સર્જાતા હવે ગંદકી સાથે કાદવ કિચડ ઉપરાંત રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવની સમસ્યા વકરે તેવી સ્થિતિ જણાઈ રહી છે.

રવિવારે મોડી રાત્રિએ શહેરમાં અચાનક વાવાઝોડા સાથે વરસાદનુ આગમન થયુ હતુ. આ તોફાની વરસાદમાં શહેરમાં અનેક સ્થળે વૃક્ષો પડી જવાની ઘટનાઓ પણ સર્જાવા પામી છે. આ સાથે વરસાદી ઝાપટાંને કારણે સમગ્ર પાટનગર પાણીથી તરબતર થઈ ગયુ હતુ અને શહેરના અનેક સેક્ટરો જેવા કે સેક્ટર-૨૪, ૭, ૧૬, ૪, ૨૨, ૬ તેમજ સરગાસણ ચારરસ્તા નજીકના નિચાણવાળા વિસ્તારો વગેરેમાં પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ છે. સેક્ટરોના ખુલ્લા પ્લોટો તથા કોમન પ્લોટોમાં નાના મોટા તળાવો જોવા મળી રહ્યા છે તેમજ આંતરિક માર્ગો પર પણ પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યાં છે. પાણીનો ભરાવો થવાને કારણે કાદવ-કિચડ તથા ગંદકીનું સામ્રાજ્ય છવાય તેવી સ્થિતિ તો જણાઈ રહી જ છે પરંતુ આ સાથે રોગજન્ય જિવાણુઓનો ખતરો પેદા થવા પામ્યો છે.

એસ.ટી.ડેપોમાંથી ત્રણ મુસાફરોના પાકીટ ચોરાયા

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપોમાંથી રવિવારના રોજ સવારના સમયે ત્રણ મુસાફરોના પાકીટ ચોરાયાની ઘટના બનવા પામી છે. સરખેજ અને ગ્રામ્ય વિસ્તારની બસમાં બેસતા સમયે મુસાફરોના ખીસ્સા હળવા થયા છે. એસટી ડેપોમાં ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તો બીજીબાજુ ડેપોમાં પોલીસ ચોરી ઉભી કરવાની વાત પણ વિસરાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. સીસીટીવી કેમેરાથી સજ્જ એસટી ડેપોમાં મુસાફરો લુંટાઈ રહ્યા છે તે નવાઈની વાત છે.

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં રોજના હજ્જારો મુસાફરો આવન-જાવન કરે છે. ગાંધીનગર થી રાજયના દરેક વિસ્તારમાં એસટી બેસ સેવા ઉપલબ્ધ છે.

સવારથી મોડીરાત સુધી અમદાવાદ ગાંધીનગર વચ્ચે બસો સતત દોડતી નજરે પડે છે. ગાંધીનગરથી દોડતી બસોનું રોજનું લાખો કિલોમીટર રોડ નેટવર્કનું સંચાલન તંત્ર દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેર મધ્યમાં હોવાથી મુસાફરોનો ધસારો વધુ રહે છે. ત્યારે રવિવારના રોજ સરખેજ અને ગ્રામ્ય વિસ્તારની બસમાં બેસવા જતા ત્રણ મુસાફરોના પાકીટ ચોરાયા છે. ગાંધીનગર ડેપોમાં પાકીટ ચોર સક્રિય બન્યા છે. મુસાફરોના પાંચ-પાંચ હજાર થી વધુ રૂપીયા ભરેલા પાકીટ હળવા થતા મુસાફરો ચિંતિત બન્યા હતા. પાકીટ ચોરાઈ જતા મુસાફરોએ હોહા કરતા અન્ય મુસાફરો એકઠા થઈ ગયા હતા, પરંતુ ચોર ટોળકી હાથમાં આવી ન હતી. તંત્ર દ્વારા ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત ક્યારની ઘુમરાયા કરે છે. પરંતુ કયાં જગ્યાએ ફાઈલ અટવાઈ છે તે સમજાતું નથી. તો બીજીતરફ એસટી ડેપો સીસીટીવી કેમેરાથી સજ્જ છે છતા પાકીટ ચોર ઈસમો બિન્દાસ્ત બનીને મુસાફરોને ટાર્ગેટ કરી રહ્યા છે. ત્યારે ચોર ઈસમોને પકડવા પોલીસ તંત્ર અને એસટી તંત્ર માટે પડકારરુપ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે.

વ્યાજબી ભાવની દુકાનોએથી કાર્ડ દીઠ એક કિલો ચણાદાળ ૪૨ના દરે અપાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં દાળના ભાવ વધતાં માર્કેટ ઈન્ટર્વેન્શન સ્કીમ અંતર્ગત ભારત સરકારની ખાસ સૂચનાથી ગુજરાત સરકારે વ્યાજબી ભાવની

દુકાનોએથી ચણાની દાળનું વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.

મે અને જુન માસ દરમ્યાન સરકારે વ્યાજબી ભાવની દુકાનોએથી તુવરદાળનું પણ વેચાણ કર્યુ હતુ. રાષ્ટ્રીય ફૂડ સિક્યોરીટી એક્ટ હેઠળ આવરી લેવાયેલા ૬ લાખથી વધુ કાર્ડ હોલ્ડરોને રૂ. ૪૨ના ભાવે એક કાર્ડ દીઠ એક કિલો દાળનો જથ્થો આપવામાં આવશે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આ કાર્ડદીઠ ૧ કિલો દાળનો ૧૦૪ મે.ટન જથ્થો છુટો કરી દેવાયો છે અને ટુંક જ સમયમાં તેનુ વિતરણ હાથ ધરવામાં આવશે.

શહેરમાં હેલ્મેટ-સીટબેલ્ટ વિનાના વાહનચાલકો દંડાશે

તંત્ર દ્વારા વાહનચાલકોના ઘરે ઈ-મેમા મોકલાશે

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં સીટબેલ્ટ-હેલ્મેટ વિના વાહન હંકારતા ચાલકોને ઈ-મેમા આપવાની કામગીરી શરુ કરવાના આદેશ જિલ્લા પોલીસ વડાએ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને કર્યા છે. ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો અને સર્કલો પર પોલીસ તંત્ર દ્વારા સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે.જિલ્લાના સીસીટીવી કંટ્રોલરૂમ ખાતેથી ઈ-મેમા આપવામાં આવતા હતા. પરંતુ અત્યાર શહેરમાં ટું-વ્હીલર-ફોર વ્હીલર વાહનચાલકો બિન્દાસ્ત બનીને હેલ્મેટ-સીટબેલ્ટ વિના ફરતા હતા. કારણ કે તંત્ર દ્વારા હેલ્મેટ-સીટબેલ્ટના વાહનચાલકોને ઈ-મેમા આપવામાં આવતા ન હતા. પરંતુ શહેરના હેલ્મેટ-

સીટબેલ્ટ વિના ફરતા વાહનચાલકોને ઈ-મેમા આપવાનું શરુ થઈ ગયું છે. જેથી શહેરમાં હેલ્મેટ વગર ફરતા ટું-વ્હીલર ચાલકો અને સીટબેલ્ટ બાંધ્યા વિના ગાડીઓ દોડાવતા વાહનચાલકોના ઘરે ઈ-મેમા આવશે. જેથી ઘરથી બહાર નીકળતા નાગરીકોએ વાહન ચલાવતી વખતે હેલ્મેટ ફરજીયાત પહેરવુ પડશે અને ગાડી ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધવો પડશે નહીં તો તીસરી આંખમાં સમાવેશ થઈ ગયેલી તસ્વીરનો ઈ-મેમો તમારા ઘરે પહોંચી જશે.શહેરના જે સર્કલો પર સીસીટીવી કેમેરાના ઉપયોગ ઈ-મેમો આપવામાં આવતો નથી, તે સ્થળો પર મેન્યુઅલી દંડ વસુલવાની કામગીરી કાર્યરત રાખવામાં આવશે.જે સ્થળો પર સીસીટીવીની મદદથી ઈ-મેમો આપવામાં આવે છે. તેવા સ્થળો પર કામગીરી બેવડાય નહી તે માટે મેન્યુઅલી દંડ વસુલવાની કામગીરી બંધ કરવાની રહેશે. હેલ્મેટ કે સીટબેલ્ટ વિના ડ્રાઈવીંગ કરનારને પોલીસની દંડનીય કાર્યવાહીનો સામનો કરવો પડશે.

ધો-૧૦-૧૨ની પુરક પરીક્ષા ૧૧ જુલાઈથી આરંભાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૯ માં લેવાયેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરિક્ષાનું પરિણામ એક માસ અગાઉ જાહેર થયું હતું. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ માં એક કે બે વિષયમાં નાપાસ થયેલા હોય તેવા વિદ્યાર્થીઓ માટે જુલાઈ માસમાં પુરક પરિક્ષા યોજાય છે. જેને પગલે એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીનું આખુ વર્ષના બગડે તે માટે તંત્ર દ્વારા આગામી તા. ૧૧ જુલાઈના રોજ પુરક પરિક્ષાનું આયોજન કર્યું છે.આ પુરક પરિક્ષામાં ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. ધોરણ-૧૦ માં ૨,૩૬૮ વિદ્યાર્થીઓ જુદા-જુદા વિષયની પરિક્ષા આપશે, જેને પગલે ચાર બિલ્ડીંગના ૮૦ બ્લોક ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત પરિક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરિતી ના થાય તે માટે સ્કવોડની રચના આગામી દિવસોમાં કરવામાં આવશે. જેને અનુલક્ષી જરુરી સ્ટાફની પણ ફાળવણી કરવામાં આવશે.આ અંગે ડીઈઓએ જણાવ્યું હતુ કે સીસીટીવી કેમેરાથી સજ્જ હોય તેવી શાળામાં જ પુરક પરિક્ષા લેવામાં આવશે અને તેમા પણ ખાસ સલામતી રાખવામાં આવશે. તા.૧૧ થી ૧૪ જુલાઈ દરમિયાન આ પુરક પરિક્ષા યોજાશે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભાજપ દ્વારા ''બલિદાન દિવસ'' ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં આજે બપોરે ટાઉનહોલ ખાતે ભાજપ દ્વારા ''બલિદાન દિવસ'' ઉજવવામાં

આવ્યો હતો. જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે ૧૯૭૫માં ૨૫ જુનના દિવસે કટોકટી લાદવામાં આવી હતી જેને અનુલક્ષીને ''કાળો દિવસ'' પણ મનાવવામાં આવે છે તે અંગે પણ નાયબ મુખ્યમંત્રીએ કાર્યકર્તાઓને અવગત કર્યા હતા.

ભારતીય જનતા પક્ષના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી દ્વારા કાશ્મીર સત્યાગ્રહની લડત છેડવામાં આવી હતી જેમાં તેમણે ૨ ઉમી જુનના રોજ દેશની એકતા અને અખંડિતતા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. આ દિવસની સ્મૃતિમાં કાર્યકર્તાઓને પ્રેરણા હેતુસર ભાજપ દ્વારા 'બલિદાન દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આજે ટાઉનહોલ ખાતે ભાજપના ગાંધીનગર મહાનગર એકમ તથા જિલ્લા ભાજપ દ્વારા 'ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી સમર્પણ દિવસ'નું આયોજન હાથ ધરાયું હતું.

સે-૨૮ જી.આઈ.ડી.સી.માં પ્લોટની કિંમત ચૂકવ્યા છતાં દસ્તાવેજ ન કરતા ચાર શખ્સો સામે છેંતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેરમાં જમીનના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ગાંધીનગર શહેરે પાંચ દાયકામાં વિકાસની હરણફાળ ભરતા શહેર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. ત્યારે શહેરની સેકટર-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલા પ્લોટના રૂ. ૬૫ લાખ ચેક અને રોકડે ચુકવ્યા છતા પ્લોટના દસ્તાવેજ આજદિન સુધી નહી કરી આપતા સે-૨૧ પોલીસ મથકે છેતરપિંડી-વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જી.આઈ.ડી.સી. પ્લોટ નં.૯૦૬-૨૨-૧ ખાતે રહેતા અમૃત કાળીદાસ પટેલ (મુળ રહે. વાગોસણા, તા. કલોલ, જી. ગાંધીનગર) એ સેકટર-૨૧ પોલીસ મથકમાં પંકજ પરષોતમ પટેલ, કૃપેશ પંકજ પટેલ, પ્રફુલ અમૃત શાહ અને નૈનેશ પ્રફુલ શાહ સામે ફરીયાદ નોંધાઈ છે.જેમાં તેમણે જણાવ્યું છે કે સેકટર-૨૮ જી.આઈ.ડી.સી. ખાતે આવેલ પ્લોટ નં.૯૦૫ તેમણે ઉપરોકત ચારેય શખ્સો પાસેથી રૂ. ૬૫ લાખમાં વેચાણ લીધો હતો. જેમાં રૂ.૪૯.૫૦ લાખ ચેકથી અને બીજા રૂપીયા રોકડા આપ્યા હતા પરંતુ તા. ૧-૪-૧૭ થી આજદિન સુધી આરોપીઓએ જીઆઈડીસીના પ્લોટનો રૂપીયા લીધા બાદ પણ દસ્તાવેજ કર્યો નથી. જયારે માધવ ઈન્ફ્રાના ડીરેકટર પંકજ પટેલે નૈનેશ શાહના નામનો ખોટો દસ્તાવેજ કરી આપીને પ્લોટ તેમના નામે કરી દીધો હતો અને તે ઉપરાંત કોમન પ્લોટના તમામ હકો આપતો દસ્તાવેજ ગેરકાયદેસર રીતે કરી આપતા ફરીયાદી અમૃત કાળીદાસ પટેલે સે-૨૧ પોલીસ મથકમાં વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સાઈના છ સપ્તાહના સર્ટિફિકેટ કોર્સનું સમાપન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેક્ટર-૧૫માં સાઈ સંકુલના નેતાજી સુભાષ વેસ્ટર્ન ટ્રેનિંગ સેન્ટર ખાતે તા. ૧૪

રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને તાલીમ આપી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રતિભા દેખાડવાની તક આપતા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે આજે છ સપ્તાહના સર્ટિફિકેટ કોર્સના સમાપને પદવીદાન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં ફૂટબોલ, કબડ્ડી તથા વૉલીબોલની રમતના તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરાયાં હતા.

મે થી તા. ૨૫મી જુન સુધીનો છ સપ્તાહના સર્ટિફિકેટ કોર્સ યોજ્યો હતો. આ કોર્સમાં ફૂટબોલ, કબડ્ડી તથા વૉલીબોલની રમતની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ઉત્તિર્ણ થયેલા તાલીમાર્થીઓને આજે પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટિ મેયર નાઝાભાઈ તથા સાઈના ડેપ્યુટિ ડાયરેક્ટર ઈનચાર્જ વી.એસ. ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતા.

'અલગારીની ઓળખ' ગ્રંથ લોકાર્પણ સમારોહમાં કાઠીયાવાડી બોલીની મહેંક

કવિ દાન અલગારીનું વ્યક્તિત્વ અને વક્તવ્ય બન્ને જાનદાર રહ્યું હતું. એમનું સાચુ નામ તો તખ્તદાન રોહડિયા, પણ એ દાન અલગારીના

નામથી જ પ્રસિદ્ધ હતા. એમના સમગ્ર જીવન કથનનું પુસ્તક 'અલગારીની ઓળખ' જાણીતા લોકગાયક અભેસિંહ રાઠોડ દ્વારા પ્રકાશીત કરવામાં આવ્યું. આ પુસ્તકનું સંપાદન-સંકલન ચાર સાહિત્યકારો દ્વારા કરવામાં આવ્યું. જેમાં દોલત ભટ્ટ, ભરત કવિ, ડૉ. નિરંજન રાજ્યગુરૂ અને ડૉ. અંબાદાન રોહડીયાનો સમાવેશ થાય છે.

સુમન ચેરીટેબલ ટ્રસ્ટ અને દૂબઈ સ્થિત ભરત કારાણી દ્વારા આ પુસ્તક અને એના લોકાર્પણનો કાર્યક્રમ સુમન સિટી ખાતે કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય કૃષિમંત્રી પુરૂષોત્તમ રૂપાલા, વી.એસ. ગઢવી અને ચારેય લેખકો દ્વારા આ 'અલગારીની ઓળખ' પુસ્તકનું લોકાર્પણ થયુ. મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ દાન અલગારીની યાદો વાગોળી, એમની રચનાઓ પણ કાઠીયાવાડી લઢણમાં કહેતા શ્રોતાઓને વતનની માટીની મહેંક માણવા મળી.

આ પુસ્તક વિમોચન સમારોહમાં અનેક સાહિત્યકાર ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, મંત્રી કલ્પેશ પટેલ, રમેશ ઠક્કર, કિશોર જીકાદરા, રમણ વાઘેલા, પુલક ત્રિવેદી, પ્રા. રાજુ જાની, પ્રવીણ ગઢવી, દલપત પઢીયાર, અખીલ ગુજરાત ચારણ ગઢવી સમાજના અગ્રણીઓ નિરંજન ગઢવી, મહેશદાન આર. ગઢવી, ભગવતદાન ગઢવી, પ્રિ. ઘનશ્યામ ગઢવી, પ્રવિણ રોહડીયા, ભીખુદાન ગઢવી, ઘનશ્યામ કવિ, કૃષ્ણ દવે વગેરેની નોંધનીય ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમનું સંચાલન અભેસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યુ. જ્યારે કાર્યક્રમનું આયોજન જગત કારાણી દ્વારા કરવામાં આવ્યું હતું. દાન અલગારીના આ એક ગીતની પંક્તિ જ એમનાં શ્રેષ્ઠ કવિ હોવાની સાબીતી છે, મોજમાં રેવુ, મોજમાં રેવું, 'મોજમાં રેવું રે... અગમ અગોચર અલખધણીની ખોજમાં રહેવું રે...' 'અલગારીની ઓળખ' પુસ્તક એક સાહિત્ય પ્રકારને શબ્દસ્થ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ બન્યો છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર દ્વારા મંડલ ખો-ખો સ્પર્ધા યોજાઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર દ્વારા છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યભિષેક દિન એટલે કે હિન્દુ સામ્રાજ્ય દિન નિમિત્તે નગરના સ્વયંસેવકો માટે મંડલ ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓમકારેશ્વર મંદિર, સેક્ટર ૪ ના મેદાનમાં યોજાયેલી આ મંડળ ખો ખો સ્પર્ધામાં ગાંધીનગર નગરની કુલ ૪૦ વસ્તીમાંથી ૩૨ વસ્તી - ટીમોના તરુણ અને બાલ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૩૦૦ તરુણ અને ૧૧૦ બાલ એમ કુલ ૪૧૦ સ્વયંસેવકોએ મંડળ ખો- ખો સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગાંધીનગર જિલ્લા કાર્યવાહ ડો. ભાવેશભાઈ પટેલે શિવાજી મહારાજના જીવન ચરિત્ર ઉપર બૌદ્ધિક આપીને ઉપસ્થિત સ્વયંસેવકોને શિવાજી મહારાજની વિરગાથાઓથી માહિતગાર કરીને હિન્દુ સમાજમાં પણ સંગઠન અને શકિતનો ભાવ વધુ સુદઢ બને તે માટે સૌને અનુરોધ કર્યો હતો. ગાંધીનગર નગરના સંઘ સંચાલક મનુભાઈ મોદી સહિત નગરના વિવિધ સેક્ટરો, પેથાપુર, ઈન્દ્રોડા, કુડાસણ, અંબાપુર, ઉવારસદ, વાવોલ ગામના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

જાહેર નિવિદા

ગાંધીનગર મહાનગરપાલિકા સુચિત 'પ્લાસ્ટીક વેસ્ટ-૨૦૧૭'ને તા. ૨૯/૫/૨૦૧૯ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીને સભાની મંજુરી મળતા જાહેર જનતા પાસેથી વાંધા સૂચનો એક માસમાં મંગાવવામાં આવે છે. સુચિત પ્લાસ્ટીક વેસ્ટ - બાયલોઝ - ૨૦૧૭ની નકલ અત્રેની વોર્ડ કચેરીની ઓફિસો તથા કમિશનર કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧ ગાંધીનગર તથા મ્યુનિસિપલ સેક્રેટરી કચેરી, ચોથો માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરના નોટીસ બોર્ડ ઉપર કચેરી સમયે જાહેર જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી છે.

વોર્ડ નં.	વોર્ડ કચેરીનું સરનામું
૧	બ્લોક નં. ૮૩/૨, 'છ' ટાઈપ, સેક્ટર-૨૮
૨	બ્લોક નં. ૧૦૮/૬, 'જ' ટાઈપ, સેક્ટર-૨૯
૩	બ્લોક નં. ૬૬/૧, 'જ' ટાઈપ, સેક્ટર-૨૧
૪	બ્લોક નં. ૩૮૩/૧૧, 'જ' ટાઈપ, સેક્ટર-૨૩
૫	બ્લોક નં. ૫૩૬/૪, 'જ' ટાઈપ, સેક્ટર-૧૬
૬	બ્લોક નં. ૧૬૭/૩, 'જ' ટાઈપ, સેક્ટર-૭
૭	બ્લોક નં. ૬૬/૪, 'જ' ટાઈપ, સેક્ટર-૬
૮	બ્લોકનં. ૮૫/૪, 'જ' ટાઈપ, સેક્ટર-૧૨

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૪/૬/૨૦૧૯
માહિતી/૪૬૫/૧૯-૨૦

સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ